॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ભારતમાં મુખ્ય વિકાસ યોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો

**Dr. Sandip H. Sanchala (Assistant professor, Sociology)**
**Gujarat Arts & Commerce College (evening), Ahmedabad**

## Abstract

વિકાસ અને પર્યાવરણ બંને એક સિક્કાની બે બાજુઓ સમાન ગણી શકાય. આજ દિન સુધીના ઈતિહાસ સુધી નજર કરીએ તો આદિમાનવ થી લઇ આધુનિક અને ડીઝીટલ માનવી સુધીની સફરમાં માણસે પર્યાવરણના ભોગે ભૌતિક-સમાજિક વિકાસ સાધ્યો છે એ સત્ય નકારી શકાય તેમ નથી. વર્તમાન covid-19 મહામારી અને લોકડાઉન સમયગાળાએ લોકોને વિચારવાનો સમય અને સમજણ આપી  કે આપણે વિકાસની હરોળમાં પર્યાવરણનું કેટલું નુકશાન કર્યું અને પોહ્ચાડ્યું પણ. ઉતરોતર વિકાસની આંધળી દોટથી સમજાયું પણ ખરું કે વિકાસ જો આ ગતિએ જ ચાલશે તો પર્યાવરણ સામે ખતરો ઉભો થશે, માટે વિકાસ પણ થાય અને પર્યાવરણ પણ બચી શકે એ માટે ટકાઉ વિકાસની સંકલ્પના ઉદ્ભવી. આથી જ જગતમાં વિકાસ અને પર્યાવરણ વચ્ચેના સબંધની વિચારણા પણ અનિવાર્ય બની. માનવીની ભૂતકાલીન અને વર્તમાનકાલીન પ્રવૃતિઓએ પર્યાવરણને ઘણું નુકશાન પોહ્ચાડ્યું છે, તેમજ માનવીની તમામ જરૂરિયાતો પૂર્ણ કરવા  વિકાસ જરૂરી પણ છે, જે પર્યાવરણ પર આધારિત છે. માનવ સમાજના ભૌતિક વિકાસને ગતિ આપનાર ખેતી, વાહન વ્યવહાર, સંચાર માધ્યમો, ઉદ્યોગીકરણ, ઉત્ત્ખનન પ્રવૃતિઓ, ઉર્જા ઉત્પાદન્, સિંચાઈ યોજનાઓ વગરે જેવી મહત્વની યોજનાઓ પર્યાવરણીય પ્રશ્નો અને સસ્યાઓને સર્જન કરનારી બની રહી છે, માટે જ વર્તમાન સમયમાં કોઇપણ વિકાસ યોજના અમલી બનાવતા પહેલા તેની પર્યાવરણીય અસરો વિશે  વિચારમાં આવી રહ્યું છે. ભારતમાં પણ  વિકાસ યોજનાઓએ પર્યાવરણને  ખલેલ પોહચાડી છે, જેના દુરોગામી પરિણામો આવનારી પેઢીઓએ ભોગવવા તૈયાર રહેવું પડે તેવી પરિસ્થિતિઓનું નિર્માણ થઇ રહ્યું છે જે માનવજાતના અસ્તિત્વ માટે ખતરારૂપ બની રહ્યું છે.

**ચાવીરૂપ શબ્દો : પર્યાવરણ, વિકાસ, પરીયોજનાઓ, કૃષિ, ઉદ્યોગો, સંચાર માધ્યમો, ઉત્ખન્નન.**

- પ્રાસ્તાવિક :

આજદિન સુધીના વિકાસ તરફ નજર કરીએ તો માનવ સમાજે જે પણ પ્રગતિ કરી છે તેમાં પર્યાવરણ નો ફાળો સવિશેષ રહેલો છે વિકાસ અને પર્યાવરણ બંને એક બીજાના પર્યાય છે પરંતુ આજનો આધુનીક ભૌતિક વિકાસ એ પર્યાવરણના ભોગે થયેલો વિકાસ છે. ઝડપથી વધી રહેલું ઉદ્યોગીકરણ અને શહેરીકરણએ શહેરોમાં રહેઠાણની તંગી ઉભી કરી પરિણામે શહેરોમાં બહુમાળીય ઈમારતો બાંધવાની જરૂરિયાતો ઉભી થઇ અને પર્યાવરણની ચિંતા કર્યા વગર આડેધડ વિકાસ થવા લાગ્યો અને વિકાસ જો આ ગતિએ જ ચાલશે તો પર્યાવરણ સામે ખતરો ઉભો થશે, માટે વિકાસ પણ થાય અને પર્યાવરણ પણ બચી શકે એ માટે ટકાઉ વિકાસની સંકલ્પના ઉદ્ભવી, જે પર્યાવરણ પર આધારિત છે. માનવ સમાજના ભૌતિક વિકાસને ગતિ આપનાર ખેતી, વાહનવ્યવહાર, સંચાર માધ્યમો, ઉદ્યોગીકરણ, ઉત્ખનન પ્રવૃતિઓ, ઉર્જા ઉત્પાદન્ , સિંચાઈ યોજનાઓ વગરે જેવી મહત્વની યોજનાઓ પર્યાવરણીય પ્રશ્નો અને સસ્યાઓને સર્જન કરનારી બની રહી છે, માટે જ વર્તમાન સમયમાં કોઇપણ વિકાસ યોજના અમલી બનાવતા પહેલા તેની પર્યાવરણીય અસરો વિશે વિચારમાં આવી રહ્યું છે. ભારતમાં પણ વિવિધ માનવ પ્રવૃત્તિઓ અને યોજનાઓએ પ્રયાવરણને નુકશાન પોહ્ચાડ્યું છે.

- **સંશોધનના હેતુઓ**

    1. **વિકાસ યોજનાની પર્યાવરણ પર અસરો તપાસવી.**
    2. **વિકાસના સંદર્ભમાં પર્યાવરણનો વિનાશ વિશે જાણકારી મેળવવી.**

- **અભ્યાસ પધ્ધતિ**

  **પ્રસ્તુત સંશોધન પેપરમાં ઐતિહાસિક પધ્ધતિ દ્વારા ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં દસ્તાવેજી સ્રોતના ઉપયોગ દ્વારા માહિતી મેળવવામાં આવી છે .**

- **ભારતમાં વિભિન્ન પ્રવૃતિઓ અને યોજનાઓની પર્યાવરણીય અસરો**

    1. **કૃષિવિકાસ અને પર્યાવરણ પર તેની અસરો**
    2. **નદી-ઘાટી પરિયોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો**
    3. **ઉત્ખન્નન યોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો**
    4. **તાપીય વિદ્યુત યોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો**
    5. **વાહન વ્યવહાર અને સંચાર માધ્યમો અને અને પર્યાવરણ પર તેની અસરો**
    6. **ઔદ્યોગીક વિકાસ અને પર્યાવરણ પર તેની અસરો**

**ઉપરોક્ત યોજનાઓની પર્યાવરણીય અસરોનું મુલ્યાંકન નીચે મુજબ છે.**

**1. કૃષિવિકાસ અને પર્યાવરણ પર તેની અસરો.**

વધતી જતી વસ્તીને અનાજની જરૂરિયાત પૂરી પાડવા માટે કૃષિ વિકાસ જરૂરી છે કૃષિ વિકાસ બિયારણ અને કૃષિ વિસ્તારમાં વૃધ્ધિ કરીને કરી શકાય. આ વિકાસ સાધવામાં સિંચાઈ યોજનાઓ, જંતુ નાશક દવાઓ, રસાયણિક ખાતરો વગેરે મદદરૂપ બને છે, વાસ્તવમાં કૃષિ વિકાસ સિંચાઈ યોજનાઓ તેમજ અન્ય વૈજ્ઞાનિક યોજનાઓ પર આધારિત છે. એટલું જ નહિ સમગ્ર વિશ્વમાં વધતી જતી  વસ્તીની અનાજની જરૂરિયાત સંતોષવા કૃષિ વિસ્તાર વધારવા ઉપર ભાર મુકવામાં આવી રહ્યો છે ભારતમાં ૧૫૦ મિલિયન જેટલો વિસ્તાર પડતર જમીન છે જે આજ સુધી જેને નવસાધ્ય કરી શકાય નથી આથી ખેતી લાયક જમીન મેળવવા માટે જંગલોનો નાશ કરવો પડે અને જંગલોનું પ્રમાણ ઘટતા વૈશ્વિક તાપમાન ખોરવાય છે અને પર્યાવરણીય ચક્ર ખોરવાય જાય છે. ભારતમાં ભૂમિ પ્રદુષણના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી કૃષિ વિસ્તાર ઘટવા લાગ્યો છે.

**2. નદી-ઘાટી પરિયોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો.**

ભારતમાં બંધ બાંધવાની યોજનાનો વિકાસ આઝાદી બાદ વધુ થયો છે, ભારતમાં બંધની સંખ્યામાં ઉતરોત્તર વધારો નોંધાયો છે ભારતમાં આશરે ૧૬૦ મિલિયન હેક્ટર ભૂમિ પર ખેતી થાય છે જેમાં લગભગ ૮૩ મિલિયન વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ છે ભારતના મુખ્ય બંધની વાત કરી એ તો ભાખડા-નાંગલ, હીરાકુંડ, નાગર્જુન સાગર, કોયલા, રીહંદ, ટેહરી, નર્મદા વગેરે મુખ્ય બંધ માનવામાં આવે છે આ બંધની આસપાસના વિસ્તારોમાં પર્યાવરણને વ્યાપક માત્રામાં નુકશાન થયું છે બંધના કારણે હજારો-લાખો એકર જમીન ડૂબમાં જાય છે અનેક વૃક્ષો જંગલો વગેરેનો નાશ થાય છે, બંધમાંથી છોડવામાં આવતું પાણી પુરની પરિસ્થિતિનું નિર્માણ કરે છે જે અનેક જાનમાલ અને પર્યાવરણને વ્યાપક માત્રામાં નુકશાન કરે છે.

**3. ઉત્ખન્નન યોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો.**

જમીનમાં પેટાળમાં અનેકવિધ ખનીજ સંપતિઓ છુપાયેલી છે જેને ખોદવા માટે સમગ્ર દુનિયામાં અનેકવિધ ઉત્ખન્નન યોજનાઓ કાર્યરત છે, સોનું, ચાંદી, અબરખ, મેંગેનીઝ, કોલસો, ચૂનો, તાંબુ વગેરે જેવા ખનીજો બહાર કાઢવા ભારતભરમાં અનેક વિધ યોજનાઓ છે ભારતમાં ૮૦ હજાર હેક્ટર જમીન પર દબાણ થયેલું છે ભારતભરમાં લગભગ ત્રણ હજારથી વધુ ખાણો આવેલી છે, ઉત્ખન્નન પ્રક્રિયા મુખ્યત્વે ખુલ્લામાં થાય છે પરિણામે જમીનનો ક્ષય થાય છે ખનીજના રજકણો હવામાં ભળતા હવા પ્રદુષિત બને છે તેનાથી આસપાસની વનસ્પતિના વિકાસમાં પ્રતિકુળ અસર પડે છે ખનીજ ઉત્ખન્નન પ્રક્રિયા ભૂગર્ભ સ્તરને પણ પ્રદુષિત બનાવે છે.

**4. તાપીય વિદ્યુત યોજનાઓ અને પર્યાવરણ પર તેની અસરો.**

તાપીય વિદ્યુત યોજનાઓ ભારતમાં અનેક જગ્યાએ કાર્યરત છે જો કે તાપીય વિદ્યુત યોજનાઓનો લાભ પણ છે અને નુકશાનકારક પણ છે. તાપીય ઉર્જા મથકોના કારણે હવા પ્રદુષણ, જલ પ્રદુષણ, વન વિનાશ વગેરેને નુકશાન પોહ્ચાડે છે જ્યાં આગળ તાપીય વિદ્યુત યોજનાઓ સ્થાપવામાં આવે છે ત્યાં અનેક વૃક્ષો જંગલો વગેરેનો વિનાશ થાય છે તાપીય વિદ્યુત યોજનાઓના કારણે જમીન પ્રદુષણમાં પણ વધારો થાય છે. પરમાણું ઉર્જા મથકો જલ અને વાયુ પ્રદુષણમાં ખાસો એવો વધારો કરે છે.તેમજ જીવ સૃષ્ટી ઉપર પણ ખતરો ઉભો કરે છે તેમજ હવામાં ફેલાતા પ્રદુષણના કારણે માનવીઓ અનેક વિધ રોગોના ભોગ બને છે.
ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન, એસ્સાર પાવર સ્ટેશન, મુન્દ્રા થર્મલ પાવર પ્લાન્ટ, સાબરમતી થર્મલ પાવર સ્ટેશન વગેરે ગુજરાતના મુખ્ય તાપીય વિદ્યુત યોજનાઓ છે.

**5. વાહન વ્યવહાર અને સંચાર માધ્યમો અને અને પર્યાવરણ પર તેની અસરો.**

જેમ જેમ દુનિયામાં વાહન વ્યવહારના સાધનો ભૌતિક સાધનો અને સંચાર માધ્યમોનો વિકાસ વધતો જાય છે તેમ તેમ પર્યાવરણને વ્યાપક માત્રામાં નુકશાન થવા લાગ્યું છે, વાહન વ્યવહાર અને સંચાર માધ્યમોના વિકાસના કારણે વાયુ પ્રદુષણ અને અવાજનું પ્રદુષણ વધુ માત્રામાં ફેલાય છે જે નગર સમુદાય માટે સૌથી નુકશાનરૂપ સાબિત થઇ રહ્યું છે વાહનોમાંથી નીકળતો પેટ્રોલ-ડીઝલનો ધુમાડો હવામાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધારે છે, મોબાઈલના ટાવરમાંથી નીકળતા ઝેરી રેડીએશન પશુ-પક્ષીઓ અને માનવજાત માટે પણ નુકસાનરૂપ સાબિત થાય છે. ટેલીકોમ ક્ષેત્રે વધતી કંપનીઓ અને વાહન વ્યવહારના નવીન યોજનાઓ કૃષિ અને રહેણાંક વિસ્તાર અને પર્યાવરણમાટે નુકશાનકારક સાબિત થાય છે.

**6. ઔદ્યોગીક વિકાસ અને પર્યાવરણ પર તેની અસરો.**

ઉદ્યોગીકરણ અને કોઇપણ રાષ્ટ્રના વિકાસ માટે જરૂરી છે પણ ઉદ્યોગોએ વિકાસની સાથે સાથે અનેકવિધ સમસ્યાઓ પણ જન્માવી છે. શહેરોમાં પ્રદુષણની સમસ્યા વધતા ઉદ્યોગોને શહેરની બહાર ખસેડવામાં આવ્યા ઉદ્યોગોમાંથી નીકળતો ઝેરી વાયુ હવા પ્રદુષણ ફેલાવે છે તેમજ કચરા સ્વરૂપે નીકળતું ઝેરી પ્રવાહી નદીઓમાં ભળીને નદીનોએ પ્રદુષિત કરે છે જેતપુરનો સાડી ઉદ્યોગ આનું ઉત્તમ ઉદાહરણ છે, ઉદ્યોગોની આસપાસ ઔદ્યોગિક વસાહતો ઉભી થાય છે જે આજુબાજુના પર્યાવરણને ખુબ નુકશાન પોહ્ચાડે છે, ઉદ્યોગીકરણવનસ્પતિ સહીત અનેક પર્યાવરણીય ઘટકોને નુકશાન પોહ્ચાડે છે. વિવિધ ઔધોગિક એકમો અને વસાહતો આના ઉદાહરણ સ્વરૂપે લઇ શકાય.

- સારાંશ

માનવ સમાજના વિકાસ માટે વિવિધ યોજનાઓ ખુબ જરૂરી છે, પણ વર્તમાન વિશ્વમાં વિકાસની આંધળી ભાગ-દોડએ અનેક પર્યાવરણીય સમસ્યાઓ ભેટ આપી છે વિવિધ યોજનાઓ માટે પર્યાવરણને નુકશાન ના થાય તે માટે કેટલાક પ્રોટોકોલ-માપદંડો નક્કી કરવામાં આવતા હોય છે, પણ ભાગ્યે જ આ બધી બાબતોને અનુસરવામાં આવતી હોય છે નિયમો નેવે મુકીને આડેધડ વિકાસ એક માત્ર લક્ષ્ય બની જાય છે અને અંતે આ બધી બાબતોનો ભોગ અનાયાશે માનવ સમુદાય અને જીવ સૃષ્ટી બને છે જે  વિવિધ વિકાસલક્ષી યોજનાઓનો વિઘાતક પરિણામો સ્વરૂપે જોઈ શકાય છે.

- **સંદર્ભ**


anil s vaghela. .(તારીખ નથી) *swachhta nu samaj shastra(gujarati) .* ahemedabad: university granth niraman board .

Anshuman Gupta and Narendra N. Dalei.) 2022 .(*ENERGY, ENVIRONMENT AND GLOBALIZATION: Recent Trends, Opportunities and Challenges in India.* jaipur : Rawat Publication .

Dr. manish jansari.) 2016 .(*sociology of environamet (Gujarati).* ahemedabad: garg publication .

gurjar ramkumara and muthukumara p k.) 2006 .(*Environmental sociology .* new delhi : sarup & sons .jainhukumchandra.) 2000 .(*prayvaran, shiksha,sanchar avam prabndham (hindi).* jaipur : national publishing house .

Manish K. Verma.) 2023 .(*ENVIRONMENT, DEVELOPMENT AND SUSTAINABILITY IN INDIA: Perspectives, Issues and Alternatives.* JAIPUR: Rawat publication .

Reena, Katrina K. Jessoe, and Suzanne Plant. Badiani. ) 21.2 )2012 .(:(Development and the environment: the implications of agricultural electricity subsidies in India.". " *The Journal of Environment & Development* , 244-262.

sundar l.) 2012 .(*principale of environmental sociology .* new delhi : sarup pablication .


.